# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

Date : 21-10-2024 Evening : 7.50 to 8.00
Day : Monday National News

## આકાશવાણી સમાચાર **મિત્તલ પટેલ** વાંચે છે.

1) પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી 16મા બ્રિક્સ શિખર સંમેલનમાં ભાગ લેવા આવતીકાલથી રશિયાના પ્રવાસે જશે.
2) કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહ આવતીકાલે ગુજરાતની એક દિવસની મુલાકાત દરમિયાન વિવિધ કાર્યક્રમમાં ઉપસ્થિત રહેશે.
3) **‘રાજકોષીય શિસ્ત જાળવી રાખનારા ગુજરાત સહિતનાં રાજ્યોને નાણા પંચ પુરસ્કાર આપે તેવી ગુજરાતના મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલની માંગણી**
4) **કેન્દ્રીય નાગરિક ઉડ્ડયન મંત્રીએ કહ્યું કે, ‘નકલી કૉલની સમસ્યાને પહોંચી વળવા સલામતી અને સતર્કતામાં વધારો કરવા પગલાં ઉઠાવવામાં આવી રહ્યા છે.’**
5) ગંભીર ચક્રવાત વાવાઝોડું “દાના” 24 ઑક્ટોબરે ઉત્તર ઓડિશા અને પશ્ચિમ બંગાળના દરિયાકાંઠાને પાર કરે તેવી શક્યતા.
6) ભારતીય ખેલાડી દીપિકા કુમારીએ મેક્સિકોમાં તીરંદાજી વિશ્વકપની ફાઈનલ મેચમાં ચીનનાં ખેલાડીને હરાવી રજત ચંદ્રક મેળવ્યો

*********************************************************

(ન્યૂઝ બ્રેક – આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો)

(સમાચારને અંતે – આકાશવાણી પરથી સમાચાર પૂરા થયા)

## PM MEA RUSSIA VISIT

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી 16મા બ્રિક્સ શિખર સંમેલનમાં ભાગ લેવા આવતીકાલથી રશિયાના પ્રવાસે જશે. શ્રી મોદી રશિયાના રાષ્ટ્રપ્રમુખ વ્લાદિમીર

પુતિનના નિમંત્રણ પર રશિયા જઈ રહ્યા છે. શિખર સંમેલનની આ આવૃત્તિનો વિષય "સમાન વૈશ્વિક વિકાસ અને સલામતી માટે બહુપક્ષવાદને મજબૂત કરવાનો છે."

પ્રધાનમંત્રીના રશિયા પ્રવાસ અંગે નવી દિલ્હીમાં પત્રકારોને માહિતી આપતા વિદેશ સચિવ વિક્રમ મિસરીએ કહ્યું કે, 'શ્રી મોદી શિખર સંમેલનમાં ભાગ લેવા આવતીકાલે કઝાન માટે પ્રસ્થાન કરશે. ભારત એ બ્રાઝિલ, રશિયા, ભારત, ચીન અને દક્ષિણ આફ્રિકા દેશથી બનેલા સંગઠન બ્રિક્સનું સ્થાપક સભ્ય છે.

શ્રી મિસરીએ ઉમેર્યું, 'બ્રિક્સ માટે ભારત ઘણું મહત્વનું છે અને ભારતના યોગદાને આર્થિક વિકાસ, સતત વિકાસ અને વૈશ્વિક શાસન પરિવર્તન જેવા ક્ષેત્રમાં બ્રિક્સના પ્રયાસને આકાર આપવામાં મહત્વની ભૂમિકા ભજવી છે.'

## REV AMIT SHAH IN GUJARAT

કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહ આવતીકાલે ગુજરાતના આણંદ અને ગાંધીનગરમાં વિવિધ કાર્યક્રમોમાં ઉપસ્થિત રહેશે. શ્રી શાહ સવારે આણંદ ખાતે રાષ્ટ્રીય ડેરી વિકાસ બૉર્ડ-NDDBની સ્થાપનાના 60 વર્ષની ઉજવણી અને ત્રિભુવનદાસ પટેલની જન્મજયંતી નિમિત્તે યોજાનારા કાર્યક્રમમાં ઉપસ્થિત રહેશે અને નવા ખેડૂતલક્ષી કલ્યાણકારી પ્રૉજેક્ટનો શુભારંભ પણ કરાવશે. તેઓ N.D.D..B.ના આણંદ સ્થિત નવા પરિસરનું ઉદ્ઘાટન તથા તેની પેટા-કંપનીના વડોદરા અને દિલ્હી સ્થિત પ્લાન્ટનું લોકાર્પણ કરશે.

આ પ્રસંગે મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલ, કેન્દ્રીય મત્સ્યપાલન અને પશુપાલન મંત્રી રાજીવ રંજન સિંહ, રાજ્યકક્ષાના મંત્રીઓ એસ.પી.સિંહ બઘેલ અને જ્યોર્જ કુરિયન પણ ઉપસ્થિત રહેશે.

બપોરે શ્રી શાહ ગુજરાત વિધાનસભા ગૃહ ખાતે સચિવાલય વિભાગોનાં વિવિધ અધિકારીઓ માટે યોજાનારા વિધાનસભા મુસદ્દા તાલીમ કાર્યક્રમમાં ઉપસ્થિત રહેશે. તેઓ ભારતીય જનતા પક્ષનાં ગાંધીનગરનાં નવીન કાર્યાલયનું ખાતમુહૂર્ત

કરશે અને મહાત્મા મંદિર ખાતે 14મા અખિલ ભારતીય ગૃહરક્ષક અને નાગરિક સુરક્ષા સંમેલનમાં ઉપસ્થિત રહેશે. ત્યારબાદ શ્રી શાહ કડી સર્વ વિદ્યાલય પરિસર ખાતે "નમો લક્ષ્મી યોજના અને નમો સરસ્વતી યોજનાઓ" અંતર્ગત શિષ્યવૃત્તિનું વિતરણ કરશે.

## SHAH POLICE DAY

કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહે કહ્યું કે, 'નશીલા પદાર્થના વેપાર, સાયબર ગુનાઓ, ધૂસણખોરી, આતંકવાદ અને કૃત્રિમ બુદ્ધિમત્તા એટલે કે, આર્ટિફિશિયલ ઇન્ટેલિજન્સના માધ્યમથી અશાંતિ ફેલાવવાના પ્રયાસ જેવા જોખમો દેશના જવાનોના દ્રઢ સંકલ્પ સામે ના ટકી શકે.'

આજે નવી દિલ્હીમાં પોલીસ સ્મૃતિ દિવસ નિમિત્તે શહીદોને શ્રદ્ધાંજલિ અર્પણ કરતા શ્રી શાહે કહ્યું કે, 'સંસદ દ્વારા પસાર કરાયેલા ત્રણ નવા ફોજદારી કાયદાઓનો અમલ તમામ રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશોમાં પહેલા જ શરૂ થઈ ગયો છે. એક વાર આ કાયદા સંપૂર્ણ રીતે અમલમાં આવી જશે તો દેશની ફોજદારી ન્યાય પ્રણાલી વિશ્વની સૌથી આધુનિક ન્યાય પ્રણાલી બની જશે.'

શ્રી શાહે ઉમેર્યું કે, છેલ્લા એક દાયકામાં આપણા જવાનોના સમર્પણ અને કાર્યક્ષમતાના કારણે દેશમાં શાંતિ જાળવવામાં સફળતા મળી છે.

(બાઈટ – અમિત શાહ, કેન્દ્રીય ગૃહમંત્રી)

## GUJARAT FINANCE COMMISSION

ગુજરાત સહિતનાં જે રાજ્યો રાજકોષીય શિસ્ત જાળવી રાખે છે તેમને નાણા પંચ દ્વારા પુરસ્કાર આપવો જોઇએ એમ મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે ૧૬માં નાણા પંચ સાથેની બેઠકમાં જણાવ્યું હતું. રાજ્ય સરકારે વિભાજ્ય પુલમાંથી રાજ્યોને વહેંચવામાં આવતો હિસ્સો હાલનાં 41 ટકાથી વધારીને 50 ટકા કરવાની માંગણી કરી હતી.

આજે ગાંધીનગરમાં યોજાયેલી 16મા નાણા પંચ સાથેની બેઠકમાં મુખ્યમંત્રીએ જણાવ્યું કે, નાણા પંચે ભંડોળ ફાળવણીમાં ગુજરાતમાં તેજીથી વધતા શહેરીકરણ અને ગ્રામીણ વિસ્તારોના આદિજાતિ સમુદાયોની અલગ જરૂરિયાતો અને વાસ્તવિકતાઓને કેન્દ્રમાં રાખવી જરૂરી છે.

૧૬મું નાણા પંચ ૧ એપ્રિલ ૨૦૨૬થી શરૂ થતા પાંચ વર્ષના સમયગાળાને આવરી લેતો અહેવાલ તારીખ ૩૧ ઓક્ટોબર ૨૦૨૫નાં રોજ રજૂ કરશે. આ કામગીરીનાં ભાગ રૂપે પંચનાં અધ્યક્ષ ડોક્ટર અરવિંદ પનગઢિયા તથા સભ્યોએ બેઠક યોજી હતી. આ બેઠકમાં નાણાં મંત્રી કનુભાઈ દેસાઈ તથા અન્ય વરિષ્ઠ અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

૧૬માં નાણા પંચનાં અધ્યક્ષ ડૉક્ટર અરવિંદ પનગઢિયાએ ગુજરાતની આર્થિક પ્રગતિની પ્રશંસા કરતા કહ્યું કે, છેલ્લા દસ વર્ષમાં જ્યારે સમગ્ર દેશનો રીયલ જીડીપી વૃધ્ધિ દર સરેરાશ ૬ ટકા જેટલો રહ્યો છે તેની સામે ગુજરાતનો સરેરાશ વૃધ્ધિ દર ૮.૫ ટકાનો છે.

## PREZ NATIONAL WATER AWARD

રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મૂ આવતીકાલે નવી દિલ્હીમાં પાંચમા રાષ્ટ્રીય જળ પુરસ્કાર 2023 એનાયત કરશે. કેન્દ્રીય જળશક્તિ મંત્રાલયે સર્વશ્રેષ્ઠ રાજ્ય, જિલ્લા, ગ્રામ પંચાયત, શહેરી સ્થાનિક સંસ્થા, જળ ઉપયોગકર્તા સંઘ અને સર્વશ્રેષ્ઠ નાગરિક સમાજ સહિત નવ શ્રેણીમાં 38 વિજેતાની જાહેરાત કરી છે.

સર્વશ્રેષ્ઠ રાજ્યની શ્રેણીમાં પહેલો પુરસ્કાર ઓડિશાને મળ્યો છે. જ્યારે ઉત્તરપ્રદેશને બીજો અને ગુજરાત તેમજ પુડુચેરીને સંયુક્ત રીતે ત્રીજો પુરસ્કાર મળ્યો છે. દરેક વિજેતાઓને એક પ્રશસ્તિપત્ર અને વિજયચિહ્નની સાથે અનેક શ્રેણીઓમાં રોકડ પુરસ્કારથી પણ સન્માનિત કરાશે.

જળશક્તિ મંત્રાલયે જણાવ્યું કે, રાષ્ટ્રીય જળ પુરસ્કાર જળ સમૃદ્ધ ભારતના, સરકારના લક્ષ્યાંકને હાંસલ કરવા માટે દેશભરમાં લોકો અને સંગઠનો દ્વારા કરાયેલા નોંધપાત્ર પ્રયાસના યોગદાન માટે અપાય છે.

## PM UDAAN

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ ઉડાન યોજનાને આઠ વર્ષ પૂર્ણ થવા અંગે જણાવ્યું કે, આ યોજનાથી દેશના ઉડ્ડયન ક્ષેત્રમાં ક્રાંતિ આવી છે.

શ્રી મોદીએ સોશિયલ મીડિયા એક્સ પર એક સંદેશમાં જણાવ્યું કે, ગત આઠ વર્ષમાં ઉડાન યોજનાથી દેશના ઉડ્ડયન ક્ષેત્રમાં પરિવર્તન આવ્યું છે. હવાઈમથકની સંખ્યા વધારવાથી લઈ, વધુ હવાઈ માર્ગો સુધી આ યોજનાએ કરોડો લોકોની ઉડ્ડયનની સુવિધાને સુનિશ્ચિત કરી છે. ઉપરાંત વેપાર વાણિજ્યને પ્રોત્સાહન આપવા અને ઉડ્ડયન ક્ષેત્રને વધુ મજબૂત કરવા પર પણ મોટી અસર પડી છે. આગામી સમયમાં અમે વધુ સારી સુવિધા અને આરામ પર ધ્યાન કેન્દ્રીત કરીશું.

ઉલ્લેખનીય છે કે, ભારતીયો માટે હવાઈ મુસાફરી વાજબી અને સુલભ બનાવવાના હેતુસર વર્ષ 2016માં ઉડાન યોજનાનો પ્રારંભ થયો હતો.

# MID BREAK- NEWS-REGIONAL

**આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો. આ રાષ્ટ્રીય સમાચાર આપ અમારી** Youtube **ચેનલ** A.I.R. **ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે આપ અમારા એક્સ હેન્ડલ** A.I.R. **ન્યૂઝ અન્ડર સ્કોર** ABAD **ને ફોલો કરી શકો છો.**

## REV AVIATION MINISTER UDAN

કેન્દ્રીય નાગરિક ઉડ્ડયન મંત્રી રામમોહન નાયડુએ કહ્યું કે, ‘સરકાર વિમાનની કામગીરીને અસર કરતા નકલી કૉલની સમસ્યાને યોગ્ય રીતે પહોંચી

વળવા માટે સલામતી અને સતર્કતા તંત્રમાં વધારો કરવા પગલાં ઉઠાવી રહી છે.' તેમણે કહ્યું કે, 'સરકાર હિતધારકોની સાથે ચર્ચા કરી રહી છે અને નાગરિક ઉડ્ડયન મંત્રાલય નકલી કૉલ પર કાયદેસરની કાર્યવાહી કરવા પર વિચાર કરી રહી છે.'

શ્રી નાયડુએ પ્રવાસીની સલામતી સરકાર માટે સર્વોચ્ચ પ્રાથમિકતા હોવાની વાત પર ભાર આપ્યો હતો. નવી દિલ્હીમાં આજે માધ્યમોને સંબોધિત કરતાં તેમણે કહ્યું કે, 'સરકાર વિમાન સલામતી નિયમો અને નાગરિક ઉડ્ડયન સલામતી સામે ગેરકાયદે કૃત્યોના દમન અધિનિયમ 1982માં સુધારો કરવાની યોજના બનાવી રહી છે તેમજ નકલી કૉલને પોલીસ અધિકારના ગુના એટલે કે કૉગ્નિઝેબલ ગુના બનાવવા પર પણ વિચાર કરી રહી છે.'

ઉડાન યોજનાને આઠ વર્ષ પૂર્ણ થવા અંગે શ્રી નાયડુએ કહ્યું, 'સરકાર ઉડાન યોજનાને આગામી 10 વર્ષ સુધી ચાલુ રાખવાનું આયોજન પણ કરી રહી છે.'

## ODISHA CYCLONE

ગંભીર ચક્રવાત વાવાઝોડું "દાના" 24 ઑક્ટોબરે રાત્રે અંદાજે 120 કિલોમીટર પ્રતિકલાકની ઝડપ સાથે પુરી અને મહાસાગર ટાપુ વચ્ચે ઉત્તર ઓડિશા તેમજ પશ્ચિમ બંગાળના દરિયાકાંઠાને પાર કરે તેવી શક્યતા છે.

દરમિયાન ઓડિશા સરકાર દરિયાકાંઠાના જિલ્લાઓના નીચાણવાળા વિસ્તારોમાં રહેતા લોકોને સલામત સ્થળ પર લઈ જવાની તૈયારી કરી રહી છે. ચક્રવાત આશ્રયસ્થાનોને તૈયાર રખાયા છે, જ્યાં પીવાના પાણી અને બત્તીની વ્યવસ્થા કરવામાં આવી છે. વરિષ્ઠ અધિકારીઓને રાહત અને બચાવ કામગીરીની દેખરેખ માટે ચક્રવાત અસરગ્રસ્ત જિલ્લાઓમાં જવા કહેવાયું છે. માછીમારોને પણ આવતીકાલ સુધીમાં દરિયામાંથી પરત આવવા જણાવાયું છે.

ભુવનેશ્વરમાં વિશેષ રાહત આયુક્ત કાર્યાલયમાં ચોવીસે કલાક ચાલુ રહેતા નિયંત્રણ ખંડ બનાવાયો છે. આ તરફ હવામાન વિભાગે બુધવારથી શુક્રવાર સુધી

દરિયાકાંઠાના મોટા ભાગના જિલ્લાઓ અને ઓડિશાનાં આંતરિક જિલ્લાઓમાં ભારે વરસાદની આગાહી વ્યક્ત કરી છે.

## CABINET SEC CYCLONE

**મંત્રીમંડળ સચિવ ટી. વી. સોમનાથને આજે બંગાળની ખાડીમાં આવનારા ચક્રવાતની તૈયારીની સમીક્ષા માટે રાષ્ટ્રીય આપત્તિ વ્યવસ્થાપન સમિતિની બેઠકની અધ્યક્ષતા કરી હતી. દરમિયાન તેમણે ઓડિશા અને પશ્ચિમ બંગાળ સરકારને તમામ કેન્દ્રીય સંસ્થાઓ સંપૂર્ણ રીતે સતર્ક હોવાનું આશ્વાસન આપ્યું છે. તેમણે આંધ્રપ્રદેશ, છત્તીસગઢ અને ઝારખંડ રાજ્યોને પણ ભારે વરસાદના કારણે કોઈ પણ પરિસ્થિતિને પહોંચી વળવા તૈયાર રહેવાની સલાહ આપી હતી.**

હવામાન વિભાગના મહાનિદેશક મૃત્યુંજય મહાપાત્રએ સમિતિને માહિતી આપી કે, આ ચક્રવાત ગુરુવારે સવારે ઓડિશા અને પશ્ચિમ બંગાળના દરિયાકાંઠાને પાર કરશે.

## ARCHERY WORLD CUP FINAL

ભારતીય તીરંદાજ દીપિકા કુમારીએ મેક્સિકો ખાતે યોજાયેલી તીરંદાજી વિશ્વકપની ફાઈનલ મેચમાં રજત ચંદ્રક મેળવ્યો છે. ભારતીય ખેલાડીએ મહિલા રિકર્વ શ્રેણીમાં ચીનનાં લિ જિઆમનને 6 શૂન્યથી પરાજય આપી આ સિદ્ધિ પ્રાપ્ત કરી છે. આ પહેલા દીપિકા કુમારીએ સેમિ-ફાઈનલ મેચમાં એલેજાન્ડ્રા વેલેન્સિયાને 6—4થી હરાવ્યાં હતાં.